## (૧) રજાના પ્રકારોઃ–ગુજરાત મુલ્કી સેવા (રજા)નિયમો –૨૦૦૨માં નીચેના નિયમોમાં જોગવાઈ કરવામાં આવેલ છે.

(૧)હકક રજા (પ્રાપ્ત રજા):–નિયમ–૪૬(૧)થી ૬૭,૬૧(૧)
–વર્ષ દરમ્યાન કુલ–૩૦ જમા થાય.
–સમગ્ર નોકરી દરમ્યાન ૩૦૦ રજા જમા કરી શકાય,અને તેટલી રજાનું રોકડમાં રુપાંતર થાય,
–એક સાથે વધુમાં વધુ ૧૨૦ અને ઓછામાં ઓછી જાહેર રજાના લાભ સાથે ૭ રજા ભોગવવા મળે,
–માસિક ૨–૧/૨ લેખે જમા થાય.

(૨)અર્ધ પગારી રજાઃ–નિયમ–૫૭(૧),૬૭(૨)
–વર્ષ દરમ્યાન કુલ–૨૦ જમા થાય,પુરા થયેલ અંગ્રેજી માસ માટે ૫/૩ અ–પગારી રજા જમા થાય,
–પ્રાપ્ત રજાના ધોરણે જે પગાર મળે તેના અર્ધા દરે પગાર મળવાપાત્ર થાય.

(૩)રૂપાંતરીતરજા– નિયમ– ૫૮(૧),૬૯ (૫),૬૭(૩)(બિમારી માટે મળે,
–નમુના નં–૩માં આપેલ મેડીકલ પ્રમાણપત્રને આધારે મંજુર કરી શકાય,
–મંજુર કરેલ રૂપાંતરીતરજા કરતાં બમણી અર્ધપગારી રજા તેના હિસાબમાં ઉધારવાની રહેશે,
–કર્મચારીના જાહેર હિતમાં ૯૦ દિવસની રુ.રજા મેડીકલ પ્રમાણપત્ર વિના મંજુર કરી શકાય,
–કુટુંબની વ્યકિતની માંદગીના પ્રસંગમાં નમુના નં–૫ માં આપેલ મેડીકલ પ્રમાણપત્રને આધારે મંજુર
કરી શકાય.

(૪)પ્રસુતિ રજા – નિયમ– ૬૯ થી ૭૧
–કુલ આખા વર્ષ દરમ્યાન ૧૮૦ રજા મળે + ૬૦ મેડીકલ રજા મળે,
–સળંગ એક વર્ષની નોકરી થયેલ હોવી જોઈએ,બે કે વધુ વર્ષની નોકરી માટે પુરો પગાર મળે,
અને એક વર્ષથી વધુ અને બે વર્ષથી ઓછી નોકરી માટે અડધો પગાર મળવાપાત્ર થાય,
રજાના હિસાબમાં ઉધારવાની નથી,કોઈપણ પ્રકારની લેણી રજા સાથે જોડી શકાશે.

(૫)હોસ્પીટલ રજા– નિયમ–૭૪.
–પગાર પ્રાપ્ત રજા,અર્ધ પગારી રજા જેટલો મળે,
–ત્રણ માસથી વધુ ન મળે.

(૬)અભ્યાસ રજા– નિયમ–૬૦.
–વિદેશ અભ્યાસ તેમજ બાળકોના અભ્યાસ માટે મળે.

(૭)બિન જમા રજા– નિયમ–૫૯
–એક સાથે–૯૦,સમગ્ર નોકરી દરમ્યાન–૩૬૦ રજા મળે.

(૮)વેકેશન– નિયમ–૪૮
–કોર્ટ તેમજ સ્કુલમાં મળે.

(૯)પિતૃત્વ રજા–નિયમ–૭૦
–૧૫ દિવસ મળે (બે બાળક સુધી)
–છ માસમાં ભોગવવાની રહેશે.
– રજાના હિસાબમાં ઉધારવાની નથી.

(૧૦)ખાસ અશકતતા રજા–નિયમ–૭૩ કે ૭૨
–ફરજ દરમ્યાન થયેલ ઈજા કે અશકતતાના કિસ્સામાં મળે,
–વધુમાં વધુ ૨૪ માસ પહેલા,૧૨૦ દિવસની પુરા પગારે અને બાકીની રજા અર્ધાપગારે મળે,
–આ રજા મેડીકલ રજાના હિસાબમાં ઉધારવાની રહેશે,
–આ રજા પેન્શનપાત્ર ગણાશે.

(૧૧)ટી.બી.,અને કેન્સર માટે રજા–નિયમ–૬૭.

(૧૨) વળતર રજા–(૩૧/૦૩/૧૯૮૨)
–જાહેર રજાના દિવસે બજાવેલ કામગીરી માટે મળે,એકી સાથે એકજ મળે,